### એક સીટ માટે જિંદગી દાવ પર!

# STમાં ભીડ વધતા છાત્રોની જોખમી સવારી

**વડાપ્રધાનના આહવાન બાદ એસ.ટી.માં મુસાફરોનો ઘસારો વધ્યો, પરંતુ વ્યવસ્થાના અભાવે કીર્તિ સ્તંભ પાસે રોજ સર્જાતા મોતના દ્રશ્યો**

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 દેશના વડાપ્રધાન દ્વારા અવારનવાર દેશવાસીઓને ઈંધણ બચાવવા અને પર્યાવરણની જાળવણી માટે ખાનગી વાહનોનો ઉપયોગ ઘટાડી જાહેર પરિવહન સેવાઓનો આગ્રહ રાખવા અપીલ કરવામાં આવે છે. આ અપીલની હકારાત્મક અસર સામાન્ય જનતા અને ખાસ કરીને વિદ્યાર્થી આલમ પર જોવા મળી રહી છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને આમ જનતાએ પોતાના પ્રાઈવેટ વાહનો વાપરવાનું બંધ કરીને ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન એટલે કે એસ.ટી. બસનો ઉપયોગ નોંધપાત્ર રીતે વધાર્યો છે. પરંતુ આ જાગૃતિની સામે વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને અપૂરતી વ્યવસ્થાના કારણે



મુસાફરો માટે ભારે હાલાકી ઊભી થઈ છે, જેનો એક ચોંકાવનારો કિસ્સો વડોદરા શહેરમાંથી સામે આવ્યો છે. વડોદરા શહેરના ઐતિહાસિક કીર્તિ સ્તંભ બસ સ્ટેન્ડ પાસેના દ્રશ્યો જોઈને કોઈપણ વ્યક્તિ કંપી ઉઠે તેમ છે. બસમાં મુસાફરી કરવા અને પોતાની સીટ અંકે કરવા માટે વિદ્યાર્થીઓ જે પ્રકારે જીવના જોખમે મથામણ કરી રહ્યા છે તે કોઈ મોટી હોનારતને આમંત્રણ આપી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. કીર્તિ સ્તંભ બસ સ્ટેન્ડ પર જ્યારે એસ.ટી. બસ આવી પહોંચે છે, ત્યારે સીટ મેળવવા માટે વિદ્યાર્થીઓ અને આમ જનતાની ભારે ભીડ ઉમટી પડે છે. બસ હજુ તો પુરેપુરી ઉભી પણ નથી હોતી ત્યાં ચાલતી બસમાં ચડવા માટે પડાપડી થાય છે. બસની અંદર જગ્યા ન હોવા છતાં વિદ્યાર્થીઓ દરવાજા પર જોખમી રીતે લટકીને મુસાફરી કરવા મજબૂર બન્યા છે. એટલું જ નહીં, બસની બારીઓમાંથી પોતાની બેગ, રૂમાલ કે અન્ય વસ્તુઓ અંદર ફેંકીને સીટ રોકવાના ખતરનાક દ્રશ્યો અહીં રોજિંદા બની ગયા છે. કેટલાક ઉત્સાહી અને મજબૂર યુવાનો તો બસની પાછળના ભાગે લટકીને પણ સવારી કરતા નજરે પડ્યા છે. વિદ્યાર્થીઓ માટે પોતાના અભ્યાસના સ્થળે કે ઘરે સમયસર પહોંચવું અત્યંત જરૂરી હોય છે, જેના કારણે તેઓ પોતાના જીવની પરવા કર્યા વગર આ પ્રકારે જોખમી સવારી કરવા મજબૂર બને છે. પરંતુ અહીં સવાલ એ ઊભો થાય છે કે આ ગંભીર પરિસ્થિતિ માટે જવાબદાર કોણ? એક તરફ જનતા ઈંધણ બચાવવા જાહેર પરિવહન તરફ વળી રહી છે, ત્યારે બીજી તરફ GSRTC અને સ્થાનિક વહીવટી તંત્ર મુસાફરોની વધતી સંખ્યા સામે પૂરતી બસો ફાળવવામાં નિષ્ફળ રહ્યું છે. વ્યવસ્થાની આ ભારે અછત જ અરાજકતાનું મુખ્ય કારણ છે. જો સમય રહેતા વડોદરાના કીર્તિ સ્તંભ જેવા વ્યસ્ત રૂટ પર બસોની સંખ્યા વધારવામાં નહીં આવે, તો દરવાજે લટકતા વિદ્યાર્થીઓ સાથે કોઈ મોટી દુર્ઘટના ઘટવાની સંભાવના નકારી શકાય તેમ નથી. તંત્ર વહેલી તકે જાગે અને મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરે તેવી લોક માંગ ઉઠી છે.

### લાલબાગ બ્રિજ પાસે અફરા-તફરી, જીઈબીએ વીજ પુરવઠો બંધ કરી સ્થિતિ કાબૂમાં લીધી

# લક્ષ્મી વિલાસ પેલેસના કમ્પાઉન્ડમાં શોર્ટ સર્કિટથી આગ, મોટી દુર્ઘટના ટળી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 વડોદરાના ઐતિહાસિક લક્ષ્મી વિલાસ પેલેસના કમ્પાઉન્ડ વિસ્તારમાં ઈલેક્ટ્રિક વાયરમાં શોર્ટ સર્કિટ થતાં આગની ઘટના સામે આવી હતી. લાલબાગ બ્રિજ ઉતરતા બાજુમાં આવેલા પેલેસ પરિસરમાં આગ લાગતા વિસ્તારમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો.

પ્રાથમિક માહિતી મુજબ ઈલેક્ટ્રિક વાયરિંગમાં શોર્ટ સર્કિટ થતા ઝાડ-ઝાંખરા અને આસપાસના વિસ્તારમાં આગ ફેલાઈ ગઈ હતી. આગની જાણ થતાં જ બદામડી બાગ ફાયર સ્ટેશનના ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ જી.ઈ.બી.ની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. સુરક્ષાના ભાગરૂપે



વીજ પુરવઠો તાત્કાલિક બંધ કરવામાં આવતા ફાયર વિભાગે વધુ ઝડપથી આગ બુઝાવી હતી. ફાયર વિભાગની સમયસર કામગીરીના કારણે આગ વિકરાળ બને તે પહેલાં જ કાબૂમાં લઈ લેવાઈ હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે આગની ઘટનાને લઈને સ્થાનિકોમાં ચિંતા અને દહેશતનો માહોલ જોવા મળ્યો હતો.

### પ્રવેશ અટકાવવા આડશ મૂકી છતાં બસ ઘુસાડી

# સમા-કેનાલ રોડ પર ખાનગી બસ ચાલકની દાદાગીરી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 વડોદરાના સમા-કેનાલ રોડ પર ખાનગી બસના ચાલકે ટ્રાફિક નિયમોના ધજાગરા ઉડાવ્યા છે. પ્રતિબંધ હોવા છતાં ચાલકે રોંગ સાઈડથી વાહન ચલાવીને કાયદાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કર્યું હતું. આ ઘટનાનો વીડિયો સામે આવતા નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે.વડોદરાના સમા-કેનાલ રોડ પર મોટા વાહનો માટે પ્રવેશ પ્રતિબંધિત છે. આ માટે આડાશ પણ મૂકવામાં આવી હતી, છતાં લક્ઝરી બસના ચાલકે દાદાગીરી કરીને રોંગ સાઈડથી બસ ઘુસાડી દીધી હતી. આ ઘટનાને પગલે ત્યાંથી પસાર થતા એક નાગરિકે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેઓએ જણાવ્યું કે ખાનગી બસના ચાલકની આ ખોટી હિંમતનો જવાબ પોલીસે આપવો જ જોઈએ. આ ઘટનાએ પુરવાર કર્યું છે કે મોટા વાહનો ગમે ત્યારે આ શહેરને બાનમાં લઈ શકે



છે. રોંગ સાઈડ ડ્રાઈવિંગના કારણે અકસ્માતનો ભય સતત રહે છે. ટ્રાફિક પોલીસ દ્વારા આવા બેજવાબદાર ચાલકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પ્રતિબંધિત વિસ્તારમાં ઘૂસતી બસો અને રોંગ સાઈડ ડ્રાઈવિંગ પર સઘન ચેકિંગ ઝુંબેશ ચલાવવા પણ રજૂઆત થઈ છે. જો પોલીસ આંખ આડા કાન કરશે તો ભવિષ્યમાં મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

### ગરમીનું પ્રમાણ યથાવત,તાપમાન 40.4 ડીગ્રી નોંધાયું

વડોદરા : મે મહિનાના અંતમાં પણ વડોદરામાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. ગુરુવારે શહેરનું મહત્તમ તાપમાન 40.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કાળઝાળ ગરમી અને લૂના કારણે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા. શહેરમાં પારો 40.4 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યો હતો. રાત્રિનું લઘુત્તમ તાપમાન 29.0 ડિગ્રી નોંધાતા રાત્રે પણ ગરમીથી રાહત મળી ન હતી. સવારે હવામાં ભેજનું પ્રમાણ 67% રહ્યું હતું. જ્યારે સાંજે ઘટીને માત્ર 25% થઈ જતા વાતાવરણમાં શુષ્કતા અને બફારો વધ્યો હતો. સવારથી જ આકરા તાપ અને ઉકળાટને કારણે શહેરીજનો પરેશાન થયા હતા. બપોરના સમયે ગરમ પવનની લહેરોથી લોકોની હાલત કફોડી બની હતી. હવામાન વિભાગ મુજબ આગામી દિવસોમાં પણ ગરમીનો પારો ઊંચો રહેવાની શક્યતા છે.

### મુખ્ય માર્ગ પર ગંદા પાણીની દુર્ગંધ અને રોગચાળાના ડરથી તંત્ર સામે રોષ

# જન મહેલ રેલવે સ્ટેશન બહાર ગટરના ઉભરાતા દૂષિત પાણીથી મુસાફરો ત્રાહિમામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 વડોદરા શહેરના જન મહેલ રેલવે સ્ટેશનની બહાર મુખ્ય માર્ગ પર ગટરના ગંદા પાણી ઉભરાતા હજારો મુસાફરો અને સ્થાનિક લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. રોજિંદા મોટી સંખ્યામાં યાત્રીઓની અવરજવર ધરાવતા આ વિસ્તારમાં નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ છે.

રેલવે સ્ટેશન અને એસટી ડેપોમાં આવતા જતા મુસાફરોને પોતાના સામાન સાથે ગંદા પાણી વચ્ચેથી પસાર થવાની ફરજ પડી રહી છે. ઝડપી વાહનોના કારણે ગંદુ પાણી ઉડતાં અનેક મુસાફરોના કપડાં બગડી રહ્યા છે. સ્ટેશન બહાર અસહ્ય દુર્ગંધ ફેલાતા લોકો માટે બે મિનિટ ઊભા રહેવું પણ મુશ્કેલ બન્યું છે. સ્થાનિક વેપારીઓ અને મુસાફરોના મતે



ગટરના પાણીના કારણે મચ્છર અને માખીઓનો ઉપદ્રવ વધ્યો છે, જેનાથી રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

છેલ્લા કેટલાક સમયથી આ સમસ્યા યથાવત રહેતા લોકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોએ તાત્કાલિક ગટર લાઈનનું સમારકામ કરી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ ઉઠાવી છે. જો તંત્ર આંખ આડા કાન કરશે તો આંદોલનની ચીમકી પણ ઉચ્ચારાઈ છે.

### માથા અને હાથમાં ગંભીર ઈજાઓ

# ત્રણ દિવસથી ગુમ માંજલપુરની મહિલા ગંભીર હાલતમાં મળી

(પ્રતિનિધિ), વડોદરા. તા.21 માંજલપુર વિસ્તારમાં રહેતી એક 32 વર્ષીય પરિણીતા રહસ્યમય સંજોગોમાં ત્રણ દિવસ અગાઉ પોતાના ઘરેથી ગુમ થયા બાદ આજે સવારે બેહોશ અને ગંભીર હાલતમાં મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મહિલાને માથાના ભાગે અને ડાબા હાથે ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે તેને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, માંજલપુર ગામની વાણીયા શેરીમાં રહેતા દેવિકાબેન હસમુખભાઈ સોલંકી (ઉં. 32) કોઈ પારિવારિક કારણોસર કે અન્ય કોઈ બાબતે નારાજ થઈને ત્રણ દિવસ પૂર્વે કોઈને જાણ કર્યા વગર અચાનક પોતાના ઘરેથી નીકળી ગયા હતા. પરિવારજનો દ્વારા તેમની શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ત્રણ દિવસની લાંબી શોધખોળ બાદ આજે સવારે દેવિકાબેન બેહોશ હાલતમાં મળી આવ્યા હતા. તેમના માથામાં અને ડાબા હાથે ઈજાઓ જોવા મળતા સ્થાનિકો અને પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા. તાત્કાલિક તેમને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, મહિલાની હાલત અત્યંત ગંભીર છે અને તે હજુ પણ સંપૂર્ણ રીતે ભાનમાં નથી. મહિલા ત્રણ દિવસ ક્યાં રહી અને તેમને આ ઈજાઓ કેવી રીતે થઈ, શું તે કોઈ અકસ્માતનો ભોગ બન્યા છે કે પછી કોઈએ તેમને ઈજા પહોંચાડી છે ? તે તમામ પાસાઓ તપાસનો વિષય બન્યા છે. સ્થાનિક પોલીસ આ મામલે સઘન તપાસ કરી રહી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### સ્માર્ટ કામગીરીના નામે વેપારીઓનો ધંધો ચોપટ

# મંગળ બજારમાં પાલિકાનું 'બ્લોક'કાંડ ચોમાસામાં દુકાનો દરિયો બનવાની ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા તા.21 વડોદરાના મંગળ બજાર વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી પેવર બ્લોક નાખવાની કામગીરી હાલ સ્થાનિક વેપારીઓ માટે માથાનો દુખાવો બની ગઈ છે. કોર્પોરેશનના અણઘડ વહીવટ અને નબળા આયોજનને કારણે સમગ્ર બજારના રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા હોવાથી વેપારીઓ અને ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી ચાલી રહેલી આ કામગીરીને પગલે વેપારીઓનો ધંધો-રોજગાર ઠપ થઈ ગયો છે અને બજારમાં ખરીદી કરવા આવતા નાગરિકો માટે અવરજવર કરવી પણ મુશ્કેલ બની ગઈ છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, મંગળ બજારમાં અગાઉ નાખવામાં આવેલા જૂના પેવર બ્લોક ખૂબ જ મજબૂત



અને 60 એમએમની જાડાઈ ધરાવતા સારી ગુણવત્તાના હતા, જેને બદલવાની કોઈ તાતી જરૂરિયાત નહોતી. હાલમાં જે નવા બ્લોક નાખવામાં આવી રહ્યા છે તે માત્ર 40 એમએમની જાડાઈના અને તદ્દન હલકી ગુણવત્તાના છે. એટલું જ નહીં, રસ્તાનું લેવલિંગ પ્રોપર કર્યા વગર જ કામ થતું હોવાથી નવો રસ્તો જૂના લેવલ કરતાં ચારથી પાંચ ઈંચ ઊંચો થઈ રહ્યો છે, જેના લીધે આગામી ચોમાસામાં તમામ દુકાનોમાં વરસાદી પાણી ભરાઈ જવાની ગંભીર ભીતિ સેવાઈ રહી છે. વેપારીઓ પોતાનો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, સામાન્ય દિવસોમાં પણ થોડો વરસાદ પડે તો મંગળ બજારમાં પાણી ભરાઈ જવાની સમસ્યા રહે છે. હવે જો રસ્તો વધુ ઊંચો થઈ જશે તો બધું જ પાણી દુકાનોની અંદર ઘૂસી જશે, જેનાથી લાખો રૂપિયાના માલસામાનને નુકસાન થશે. જો વેપારીઓએ પાણીથી બચવા માટે પોતાની દુકાનોનું ફ્લોરિંગ ઊંચું કરાવવું પડે તો દરેક દુકાનદારને માથે એકથી બે લાખ રૂપિયાનો વધારાનો આર્થિક બોજ પડશે. વેપારીઓની રજૂઆત સાંભળીને વોર્ડ નંબર 14 ના વિપક્ષના કાઉન્સિલર મંગળ બજાર ખાતે દોડી આવ્યા હતા અને સ્થળ પર પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

### હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ શ્વાસ થંભ્યા

# વડોદરા સેન્ટ્રલ જેલમાં આધેડ કેદીનું મોત નીપજ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.21 વડોદરાની મધ્યસ્થ જેલ માંથી એક કરુણ સમાચાર સામે આવ્યા છે. જેલના સળિયા પાછળ સજા કાપી રહેલા એક 55 વર્ષીય આધેડ કેદીનું અચાનક તબિયત લથડતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. કેદીને ગત રાત્રિએ છાતીમાં દુખાવો અને શ્વાસ લેવામાં ભારે તકલીફ થતાં તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સઘન સારવાર મળે તે પૂર્વે જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદ જામલા સુરસીંગ મેલા, ઉંમર વર્ષ 55 નામના કેદીને ગત રાત્રિ દરમિયાન અચાનક સ્વાસ્થ્ય સંબંધિત ગંભીર સમસ્યાઓ સર્જાઈ હતી. તેમને છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો અને સાથે જ શ્વાસ લેવામાં ખૂબ જ તકલીફ પડતી હોવાની ફરિયાદ કરી હતી. જેલ તંત્ર દ્વારા તાત્કાલિક તેમને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જેલના જવાબદાર અધિકારીઓ અને સુરક્ષાકર્મીઓ દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલ પહોંચ્યા બાદ ફરજ પરના તબીબોએ તપાસતા આધેડ કેદીને મૃત જાહેર કર્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, કેદીને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા તે પહેલાં જ તેમનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. ગંભીર સ્થિતિને જોતા સઘન સારવાર મળે તે પહેલા જ જીવનદીપ બુઝાઈ જતા જેલ તંત્રમાં પણ શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. આધેડ કેદીના અચાનક મૃત્યુ બાદ, તેમના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે હોસ્પિટલ દ્વારા કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

### વડોદરા સ્માર્ટ સિટી કે નરકાગાર?

# જેલ રોડ પર ગંદા પાણી ઉભરાતા પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી

(પ્રતિનિધિ), વડોદરા. તા.21 સ્માર્ટ સિટી તરફ ડગ માંડી રહેલા વડોદરા શહેરમાં પ્રાથમિક સુવિધાઓની કથળેલી સ્થિતિ ફરી એકવાર સપાટી પર આવી છે. શહેરના વ્યસ્ત ગણાતા જેલ રોડ પર છેલ્લા કેટલાક સમયથી ગટરની લાઈનો ચોકઅપ થઈ જવાના કારણે રસ્તા પર ગંદા પાણી ઉભરાઈ રહ્યા છે. ભરઉનાળે માર્ગો પર વહી રહેલા નરકાગાર જેવા પાણીના કારણે સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ પ્રસરી ગઈ છે, જેના લીધે સ્થાનિક રહીશો, વેપારીઓ અને ત્યાંથી પસાર થતા વાહનચાલકોનું જીવવું દુભર બન્યું છે. વડોદરા મહાનગરપાલિકા ની પ્રી-મોન્સૂન કામગીરીના મોટા-મોટા દાવાઓ વચ્ચે આ દ્રશ્યો તંત્રની પોલ ખોલી રહ્યા છે. સ્થાનિક વેપારીઓ અને રહીશોના જણાવ્યા અનુસાર, જેલ રોડ વડોદરાના કેન્દ્ર સમાન અને અત્યંત ટ્રાફિક ધરાવતો મુખ્ય માર્ગ છે. અહીંથી રોજના હજારો વાહનો પસાર થાય છે, પરંતુ ગટરના પાણી મુખ્ય રસ્તા પર ફરી વળવાના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો આ ચીકણા અને ગંદા પાણીમાં સ્લિપ થઈ જવાના કારણે અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આ ઉપરાંત, માર્ગની આસપાસ



આવેલી દુકાનોના વેપારીઓનો ધંધો-રોજગાર પણ આ ગંદકીના કારણે પ્રભાવિત થયો છે, કારણ કે ગ્રાહકો દુર્ગંધ અને પાણીના કારણે દુકાનો સુધી પહોંચી શકતા નથી. ચિંતાજનક બાબત એ છે કે ગટરના આ દૂષિત પાણી લાંબા સમય સુધી રસ્તા પર ભરાઈ રહેવાથી મચ્છરોનો ઉપદ્રવ અતિશય વધી ગયો છે, જેનાથી સ્થાનિક વિસ્તારમાં મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. ધોમધખતા તાપમાં ગંદકી સુકાઈને હવામાં ભળવાના કારણે શ્વાસના રોગોનું જોખમ પણ વધ્યું છે. સ્થાનિક નાગરિકો દ્વારા આ ગંભીર સમસ્યા અંગે કોર્પોરેશનના સંબંધિત વિભાગમાં વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, તંત્ર દ્વારા માત્ર આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

**સમજાવટ** પ્રેમમાં પાગલ બનેલી સગીરાએ પરીવારના સભ્યોને હેરાન પરેશાન કરી નાખ્યા : આખરે પિતાએ 181 ટીમે મદદ માગી

# સગીરા 23 વર્ષના યુવક સાથે લગ્ન કરવા જીદે ચડી

(પ્રતિનિધિ), વડોદરા. તા.21 વડોદરાના બાપોદ વિસ્તારમાં એક 17 વર્ષની સગીર દીકરી 23 વર્ષના યુવક સાથે પ્રેમ સંબંધમાં હોવાના કારણે લગ્ન કરવાની જીદ પર અડી ગઈ હતી. પ્રેમમાં પાગલ બનેવી દીકરીની સતત જીદના કારણે ચિંતિત બનેલા પિતાએ આખરે 181 મહિલા હેલ્પલાઈનની મદદ લીધી હતી. ટીમે સ્થળ પર પહોંચી સગીરાનું કાઉન્સિલિંગ કરી સમજાવતાં આખરે દીકરીએ પોતાની ભૂલ સ્વીકારી હતી અને હાલ અભ્યાસ પર ધ્યાન આપવાની સાથે લગ્નની જીદ છોડવાની ખાતરી આપી હતી. વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાંથી પિતાએ 181 હેલ્પલાઈન પર ફોન કરીને જણાવ્યું હતું કે તેમને સંતાનમાં એક 17 વર્ષની દીકરી છે જે સગીર હોવા છતાં 23 વર્ષના યુવક સાથે પ્રેમ સંબંધમાં આવી છે અને તેની સાથે જ લગ્ન કરવા માટેની જીદ અમને હેરાન કરે છે.




જેથી 181 મહિલા હેલ્પલાઈનની ટીમ બાપોદ લોકેશન પરથી જણાવેલા સરનામે પહોંચી હતી, જ્યાં પીડિતાનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. દરમિયાન જાણવા મળ્યું કે પીડિતા હાલ માત્ર 17 વર્ષની હોવાથી ભાવનાત્મક રીતે લગ્ન કરવા માટે જીદ કરી રહી હતી. મહિલા ટીમે સગીરાને સમજાવ્યું હતું કે હાલ તેની ઉંમર અભ્યાસ અને કારકિર્દી બનાવવાની છે. યોગ્ય ઉંમર થયા બાદ માતા-પિતા તેની પસંદગીના પાત્ર સાથે લગ્ન અંગે વિચારશે. ઉપરાંત પરિવાર સાથે શાંતિથી રહેવા અને માતા-પિતાને માનસિક રીતે હેરાન ન કરવા સમજાવવામાં આવ્યું હતું. કાઉન્સિલિંગ બાદ પીડિતાએ પોતાની ભૂલ સ્વીકારી હતી અને હવે લગ્ન કરવાની જીદ નહીં કરે તેમજ અભ્યાસમાં ધ્યાન આપશે તેવી ખાતરી આપી હતી. હાલ પીડિતા પોતાના માતા-પિતા સાથે સારી રીતે રહેતી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

પીડિતાના માતા-પિતાએ 181 ટીમનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ટીમના સમયસર માર્ગદર્શન અને સમજાવટના કારણે તેમની દીકરીની વિચારસરણીમાં બદલાવ આવ્યો છે અને હવે ઘરમાં શાંતિપૂર્ણ વાતાવરણ બન્યું છે.

# સગીરાએ ઉંદર મારવાની ઝેરી દવા ગટગટાવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.21 માંજલપુર અલવા નાકા વિસ્તારમાં રહેતી સગીરાએ ઉંદર મારવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી આ અંગેની જાણ પરિવારના સભ્યોને થતા અફરાતફરી મચી ગઈ હતી અને તાત્કાલિક ધોરણે સગીરાને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. હાલ સગીરાની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળે છે. આ ચોંકાવનારી ઘટના અંગે માંજલપુર પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. પ્રાથમિક અનુમાન મુજબ, સગીરા અને તેના પરિવારજનો વચ્ચે કોઈ બાબતે થયેલી તકરાર અથવા તો સગીરા કોઈ અંગત માનસિક તાણ હેઠળ હોય તેવી શક્યતા નકારી શકાતી નથી. પોલીસ આ મામલે આસપાસના લોકો તેમજ પરિવારના સભ્યોની પૂછપરછ કરી રહી છે, જેથી કન્યાએ આટલું મોટું પગલું ભરવા પાછળનું ચોક્કસ કારણ બહાર આવી શકે.

### પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતનું સાચુ કારણ બહાર આવશે

# કમાટીબાગ પાસે લોહીલુહાણ હાલતમાં પુરુષનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.21 વડોદરા શહેરના હાર્દ સમાન અને અત્યંત વ્યસ્ત ગણાતા સયાજીબાગ વિસ્તારમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. કમાટીબાગના ગેટ નંબર-2 પાસે એક અજાણ્યા પુરુષનો બિનવારસી હાલતમાં મૃતદેહ મળ્યો હતો.

સ્થાનિકો દ્વારા આ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સયાજીગંજ પોલીસ સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી મૃતદેહનો કબજો લીધો હતો અને ઘટનાની વિગતો મેળવવાની દિશામાં કાર્યવાહી શરૂ કરી હતી. કાયદેસરની કાર્યવાહીના ભાગરૂપે પોલીસે મૃતદેહને તાત્કાલિક અસરથી સયાજી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, મૃતક પુરુષના મોંમાંથી લોહીની ઉલટી થઈ હોવાના નિશાનો મળી આવ્યા છે. આથી, પ્રાથમિક દ્રષ્ટિએ એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે અચાનક લોહીની ઉલટી થવાને કારણે અથવા કોઈ ગંભીર બીમારીના લીધે આ વ્યક્તિનું મોત નીપજ્યું હોઈ શકે છે. જો કે, આ કોઈ અકસ્માત છે, આત્મહત્યા છે કે પછી તેની પાછળ અન્ય કોઈ શંકાસ્પદ કારણો જવાબદાર છે, તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. આ અજાણ્યો વ્યક્તિ કોણ છે, ક્યાંનો રહેવાસી છે અને કયા સંજોગોમાં તેનું મોત થયું છે તે તમામ સવાલોના સચોટ જવાબો મેળવવા માટે સયાજીગંજ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, પોસ્ટમોર્ટમનો વિગતવાર રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું અને સચોત કારણ જાણી શકાશે.